**GUJARAT ENERGY TRANSMISSION CORPORATION LIMITED**

**Regd. Office: Sardar Patel Vidyut Bhavan,**
**Race Course, VADODARA – 390 007.**
**( CIN: U40100GJ1999SGCO36018 )**
Phone No.(0265) 2353086 (D) Fax No.(0265) 2337918/2338164 (GUVNL)
Web site: www.getcogujarat.com-Email: serc.getco@gebmail.com

## નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ નું ટ્રુ અપ, નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ માટે જરૂરી એકંદર મહેસુલ, નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે જરૂરી મહેસુલ માંગણીની અંતિમ મંજુરી તથા વર્ષ ૨૦૧૭-૧૮ માટે ટેરીફ પીટીશન નો સારાંશ:

1. ઈલે. એક્ટ ૨૦૦૩ ની કલમ ૬૨ અને માન. વીજ નિયમન આયોગના બહુવર્ષીય ટેરીફ જાહેરનામાં ૨૦૧૬ મુજબ, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ (ગેટકો) દ્વારા વીજ પરિવહન માટેના ટેરીફનું નિયમન માન. ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા થાય છે. એટલે કે, GERC.
2. તે મુજબ, કંપની દ્વરા માન. વીજ નિયમન આયોગ સમક્ષ વર્ષ ૨૦૧૫-૧૬ ના ટ્રુઅપ, વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ માટે વાર્ષિક રાજસ્વી જરૂરિયાત તેમજ વર્ષ ૨૦૧૭-૧૮ માટે વીજ પરિવહન દર નક્કી કરવા માટે પીટીશન નં. ૧૬૨૦/૨૦૧૬ દાખલ કરેલ. છે.
3. ગેટકો ત્રીજા કંટ્રોલ પીરીયડ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ માટે બહુ વર્ષીય રાજસ્વી જરૂરિયાત નીચે મુજબ છે.

**ટેબલ ૧: બહુવર્ષીય રાજસ્વી જરૂરિયાત નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ (રૂ. કરોડ)**

| અનુ. નં. | વિગતો | વર્ષ ૨૦૧૬-૧૭ | વર્ષ ૨૦૧૭-૧૮ | વર્ષ ૨૦૧૮-૧૯ | વર્ષ ૨૦૧૯-૨૦ | વર્ષ ૨૦૨૦-૨૧ |
|---|---|---|---|---|---|---|
| ૧ | વાર્ષિક રાજસ્વી જરૂરિયાત | ૩૧૯૮.૦૯ | ૩૫૯૪.૨૭ | ૪૦૦૭.૭૪ | ૪૪૩૬.૭૬ | ૪૮૯૧.૨૭ |
| ૨ | કુલ મે.વો. કેપેસીટી | ૨૩૪૪૨ | ૨૪૨૬૫ | ૨૫૬૫૩ | ૨૬૬૩૭ | ૨૮૬૪૮ |
| ૩ | પરિવહન ખર્ચ (રૂ./મે.વો./દિવસ) | ૩૭૩૭.૬૪ | ૪૦૫૮.૨૩ | ૪૨૮૦.૨૫ | ૪૫૬૩.૪૪ | ૪૬૭૭.૬૮ |

4. કંપનીના ૨૦૧૫-૧૬ ના પરફોર્મન્સ અને વર્ષ ૨૦૧૫-૧૬ ના માન. આયોગ દ્વારા ટ્રુઅપ માટે અંદાજીત અને વાસ્તવિક પરફોર્મન્સ સાથેની સરખામણીનો સમાવેશ પીટીશનમાં કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬ ના ટ્રુઅપ રેવન્યુ ગેપના આધારે વર્ષ ૨૦૧૭-૧૮ ની ટ્રાન્સમીશન ટેરીફની દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

**ટેબલ ૨: સૂચિત ટ્રાન્સમીશન ટેરીફ વર્ષ ૨૦૧૭-૧૮ (રૂ. કરોડ)**

| અનુ. નં. | વિગતો | વર્ષ ૨૦૧૭-૧૮ |
|---|---|---|
| ૧ | વાર્ષિક રાજસ્વી જરૂરિયાત વર્ષ ૨૦૧૭-૧૮ | ૩૫૯૪.૨૭ |
| ૨ | રેવન્યુ ગેપ વર્ષ ૨૦૧૫-૧૬ | ૫૬.૦૯ |
| ૩ | વર્ષ ૨૦૧૫-૧૬ ની રેવન્યુ ગેપને ગણતરીમાં લીધા પછીનો ARR | ૩૬૫૦.૩૬ |
| ૪ | કુલ મે.વો. કેપેસીટી | ૨૪૨૬૫ |
| ૫ | પરિવહન ખર્ચ (રૂ./મે.વો./દિવસ) | ૪૧૨૧.૫૬ |

5. પીટીશન હેતુ માટેની અગત્યની નાણાકીય ધારણાઓનું વિવરણ નીચે મુજબ છે.

- નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ નો સંચાલન અને નિભાવ ખર્ચ, ૮૯૨ નબર બેય્સ (Bays) અને ૩૦૩૧ સર્કીટ કિલોમીટર ટ્રાન્સમીશન લાઈનને આધારે ગણતરી કરવામાં આવેલ છે.
- ૪.૮૭% નો ઘસારો ધ્યાનમાં લીધેલ છે. ગ્રાન્ટ દ્વારા મેળવવામાં આવેલ મિલકત/ગ્રાહકોનો ફાળો/નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે ક્લેમ કરવામાં આવેલ કુલ ઘસારા માટેની સબસીડી ઉપર જેટ્કોએ ઘસારો ધ્યાનમાં લીધેલ નથી.
- નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ નો વ્યાજનો દર ૧૦.૨૨ % ગણતરીમાં આવેલ છે.
- રીટર્ન ઓન ઈક્વીટી (મૂડી પરનું વળતર)- મલ્ટી ઈયર ટેરીફ રેગ્યુલેશન ૨૦૧૧,ના આધારે, ૧૪% લીધેલ છે.
- સ્પેર્સ અને મેઈન્ટેનન્સની જરૂરિયાતની ગણતરી, નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬ ની શરુઆતથી તે પછીના નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭ થી ૨૦૧૫-૧૬ ના ખરેખર કરેલ મૂડી રોકણ પર ૬ ટકાના પ્રતિવર્ષ વધારા સાથે કરવામાં આવેલ છે.
- વર્કીંગ કેપીટલ ઉપર વ્યાજ ગણવા માટે એસ.બી.આઈ. પી.એલ.આર. દર ૧૪.૭૫% (તા.૦૧.૦૪.૨૦૧૫ ના આધારે) ગણતરીમાં લેવામાં આવેલ છે.
- નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે જેટ્કો દ્વારા ૬૪.૬૨ કરોડ ઈન્કમટેક્ષ ગણતરીમાં લેવામાં આવેલ છે.
- ૯૮ ટકા ટાર્ગેટની ઉપલબ્ધતા કરતા વધારે ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખી જેટ્કો દ્વારા રૂ|. ૩૯.૪૯ કરોડ ઈન્સેન્ટીવ તરીકે ગણતરી લેવામાં આવેલ છે.
- જેટ્કોએ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે એક્સપેન્સ કેપીટલાઈઝ્ડન રૂ. ૧૯૪.૧૩ કરોડ ગણતરીમાં લીધેલ છે.
- જેટ્કોએ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે રૂ. ૧૨૧.૯૪ કરોડ અન્ય આવકને ગણતરીમાં લીધેલ છે.

6. નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે મંજૂર કરેલ અને હાંસલ કરેલ અગત્યના ચાવીરૂપ ઘટકો અંગે જેટ્કોનું વિવરણ નીચેના ટેબલમાં દર્શાવેલ છે.

| વિગત | **નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ (મંજુર)** | **નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ (ખરેખર)** |
|---|---|---|
| **ટ્રાન્સમીશન સીસ્ટમની ઉપલબ્ધતા** | ૯૯.૬૬ % | ૯૯.૪૨ % |
| **ટ્રાન્સમીશન લોસ** | ૪.૧૦ % | ૩.૬૮ % |

7. બહુવર્ષીય રાજસ્વી જરૂરિયાત નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ હેતુ માટેની અગત્યની નાણાકીય ધારણાઓનું વિવરણ નીચે મુજબ છે.

- નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ નો કેપિટલ ખર્ચ રૂ. ૧૩૬૮૮ કરોડ લીધેલ છે. જેમાં ૪૪૦ નવા સબ સ્ટેશનો અને ૧૩૮૪૧ સર્કીટ કિલોમીટર ટ્રાન્સમીશન લાઈન ગણતરીમાં લીધેલ છે.

- નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ નો સંચાલન અને નિભાવ ખર્ચ, ૩૪૭૬ નબર બેય્સ (Bays) અને ૧૩૮૪૧ સર્કીટ કિલોમીટર ટ્રાન્સમીશન લાઈનને આધારે ગણતરી કરવામાં આવેલ છે.
- ૪.૮૭% નો ઘસારો ધ્યાનમાં લીધેલ છે. ગ્રાન્ટ દ્વારા મેળવવામાં આવેલ મિલકત/ગ્રાહકોનો ફાળો/નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ માટે ક્લેમ કરવામાં આવેલ કુલ ઘસારા માટેની સબસીડી ઉપર જેટ્કોએ ઘસારો ધ્યાનમાં લીધેલ નથી.
- નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ નો વેઈટેડ એવરેજ વ્યાજનો દર ૧૦.૧૦ % થી ૯.૮૫ % ગણતરીમાં આવેલ છે.
- રીટર્ન ઓન ઈક્વીટી (મૂડી પરનું વળતર)- મલ્ટી ઈયર ટેરીફ રેગ્યુલેશન ૨૦૧૬,ના આધારે, ૧૪% લીધેલ છે.
- નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ માટે વર્કીંગ કેપીટલ ઉપર વ્યાજ ગણવા માટે. દર ૧૧.૭૦% ગણતરીમાં લીધેલ છે.
- નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ માટે જેટ્કો દ્વારા રૂ. ૬૪.૬૨ કરોડ ઈન્કમટેક્ષ ગણતરીમાં લેવામાં આવેલ છે.
- જેટ્કોએ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ માટે એક્સપેન્સ કેપીટલાઈઝ્ડન રૂ. ૧૯૪.૧૩ કરોડ ગણતરીમાં લીધેલ છે.
- જેટ્કોએ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ માટે રૂ. ૧૨૧.૯૪ કરોડ અન્ય આવકને ગણતરીમાં લીધેલ છે.

૪. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ માટેના અગત્યના ચાવીરૂપ ઘટકો અંગે જેટ્કોનું વિવરણ નીચેના ટેબલમાં દર્શાવેલ છે.

| વિગત | વર્ષ ૨૦૧૬-૧૭ | વર્ષ ૨૦૧૭-૧૮ | વર્ષ ૨૦૧૮-૧૯ | વર્ષ ૨૦૧૯-૨૦ | વર્ષ ૨૦૨૦-૨૧ |
|---|---|---|---|---|---|
| **ટ્રાન્સમીશન સીસ્ટમની ઉપલબ્ધતા** | ૯૯.૪૯ % | ૯૯.૫૦ % | ૯૯.૫૧ % | ૯૯.૫૧ % | ૯૯.૫૨ % |
| **ટ્રાન્સમીશન લોસ** | ૩.૮૫ % | ૩.૮૦ % | ૩.૮૫ % | ૩.૮૦ % | ૩.૮૫ % |

નોંધ : કંપની દ્વારા એપેલેટ ટ્રીબ્યુનલ ફોર ઈલેક્ટ્રીસીટી (એપટેલ) ના તા. ૨૧.૦૭.૨૦૧૬ ના ઓર્ડર (અપીલ નં ૧૦૮/૨૦૧૩, ૧૪૯/૨૦૧૫, ૧૭૧/૨૦૧૪ અને ૧૭૨/૨૦૧૪) તથા તા. ૧૦.૧૧.૨૦૧૬ ના અપીલ નં. ૧૦૮/૨૦૧૩, ૧૪૯/૨૦૧૫, ૧૭૧/૨૦૧૪ અને ૧૭૨/૨૦૧૪ ની રીવ્યુ પીટીશન નં ૨૦/૨૦૧૬ માં ઓર્ડર થી વર્ષ ૨૦૧૭-૧૮ માં પરિણામરૂપ વાધારણા ખર્ચની રીકવરી અને વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ માટે વાર્ષિક રાજસ્વી જરૂરિયાત તેમજ વર્ષ ૨૦૧૭-૧૮ માટે વીજ પરિવહન દર નક્કી કરવા માટે માન. આયોગને દરખાસ્ત નં. ૧૬૨૦/૨૦૧૬ દ્વારા રજૂઆત કરેલ છે.